# KARAMSAD ANAND MUNICIPAL CORPORATION

# કરમસદ આણંદ મહાનગરપાલિકા

**મહાત્મા ગાંધી માર્ગ, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧, તા.જી.આણંદ, ગુજરાત**

ઈમેઈલ:- amc-and@gujarat.gov.in, ટેલિફોન નં.૦૨૬૯૨-૨૪૩૯૪૨/૪૩/૪૪, ૨૪૪૮૮૧

**સ્થાયી સમિતિ સુચનાપત્ર :-**

કરમસદ આણંદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક તા.૧૮/૦૯/૨૦૨૬ ને શુક્રવારના રોજ સાંજના ૦૪:૦૦ કલાકે કોન્ફરન્સ હોલ ખાતે મળશે તે વખતે નીચે જણાવેલ કામો નિર્ણય માટે રજુ કરવામાં આવશે.

વહીવટ વિભાગ

| | |
|---|---|
| ૧ | વહીવટ વિભાગના રિપોર્ટ મુજબ શ્રી વિપુલકુમાર કાંતિલાલ શાહ તા.૧૮/૧૦/૧૯૯૪ થી ક્લાર્ક તરીકે નિમણુંક પામેલ અને તત્કાલીન આણંદ નગરપાલિકામાં તા.૦૧/૦૪/૨૦૨૦ થી માહિતી ક્લાર્ક તથા બોર્ડ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા, હાલ કરમસદ આણંદ મહાનગરપાલિકામાં માહિતી ક્લાર્ક, મદદનીશ સેક્રેટરિયેટ ક્લાર્ક તરીકે તેમજ માહિતીની પ્રથમ અપીલની કામગીરી તથા આયોગની બીજી અપીલના અહેવાલની કામગીરી જવાબદારી પૂર્વક નિભાવે છે વધુમાં તેઓશ્રી હાલ તા.૩૧/૦૭/૨૦૨૬ ના રોજ વયનિવૃત્ત થતાં હોય, હાલમાં સદર જગ્યાની કામગીરી બજાવવા અંગે અનુભવી તેમજ સક્ષમ કર્મચારી હાલ કોઈ જણાઈ આવતું ન હોય જેથી કરી તેઓની કામગીરીની અગત્યતા તથા અનુભવને ધ્યાને રાખી પુનઃ ફરજ ઉપર યોગ્ય પગારથી લેવા અંગે જરૂરી યોગ્ય નિર્ણય થવા સારૂ. |

**હિસાબી વિભાગ**

| | |
|---|---|
| ૨ | હિસાબી વિભાગના રિપોર્ટ મુજબ ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૯૪(૧) મુજબ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબો નિયત નમુનામાં તૈયાર કરી સ્થાયી સમિતિમાં રજુ કરવાના થાય છે જે મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાના નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ફંડમાં જમા તથા ખર્ચ ઉધારી વર્ષ દરમ્યાનની આખરી સિલક દર્શાવતી વિગતો નીચે મુજબ છે. |

| વિગત | રકમ રૂ. | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ઊઘડતી સિલક | ૧૫૧,૩૪,૪૩,૧૯૫.૨૬ | | |
| આવક (વર્ષ દરમ્યાન) | ૫૨૦,૭૦,૭૦૪,૨૩.૮૯ | જાવક (વર્ષ દરમ્યાન) | ૪૧૦,૩૯,૨૯,૯૧૭.૨૩ |
| | | બંધ સિલક | ૨૬૧,૬૫,૮૩,૭૦૧.૯૨ |
| કુલ સરવાળો | ૬૭૨,૦૫,૧૩,૬૧૯.૧૫ | કુલ સરવાળો | ૬૭૨,૦૫,૧૩,૬૧૯.૧૫ |

**ઉપરોક્ત વિગતો ધ્યાને રાખી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબો મંજૂર કરી બહાલી આપવા જરૂરી નિર્ણય થવા સારૂ.**

વહીવટ વિભાગ

| | |
|---|---|
| ૩ | વહીવટ વિભાગના રિપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણી- ૨૦૨૬ અન્વયે રાજ્ય ચુંટણી આયોગના પત્ર નં. રાયઆ-ચટણ-ન.પા.-એન.પી.જન.-૫૩(૧)-૧૨૦૨૬-ક-૧૯૯૩ થી ૨૦૬૭ તા.૨૮/૧/૨૦૨૬ની શરતો મુજબ મુજબ મહાનગરપાલિકા સામાન્ય ચુંટણી અન્વયે થનાર ખર્ચ મહાનગરપાલિકા સ્વભંડોળમાંથી કરવાનો થતો હોય તે અન્વયે મે.ચુંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેકટરશ્રીના મંજૂર થયેલ ભાવ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧ થી ૧૩ના જુદા જુદા ચુંટણી અધિકારીશ્રી મારફતે કરાવેલ કામગીરીના જુદી જુદી એજન્સીના આવેલ બિલની કુલ રકમ રૂ.૮૭,૪૭,૪૪૨/- પૂરા ચૂકવવા જરૂરી મંજૂરી આપવા તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

| | |
|---|---|
| ૪ | વહીવટ વિભાગના રિપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાને આયોજન, સંકલન, મોનીટરીંગ, રીપોર્ટીંગ તથા શહેરી વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સ, યોજનાઓ તથા વિભાગીય નવી પહેલો માટે સમર્પિત પ્રોફેશનલ સપોર્ટની જરૂરિયાત છે તે ધ્યાને લેતા ભારત સરકારના જાહેર સાહસ NICSI દ્વારા પત્ર ક્રમાંક: 10(08)/2020-NICSI તારીખ: ૨૨-૧૦-૨૦૨૧ થી Delloitte Touch Tohmatsu India LLP ને એમપેનલ કરવામાં આવેલ છે, તે મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકા નવી મહાનગરપાલિકા હોવાથી એક્સપર્ટ પ્રોફેશનલ ટીમની જરૂરિયાત રહેલ હોય તેઓ દ્વારા ખાસ ડિસ્કાઉન્ટ આપીને થર્ડ રીવીઝન પ્રમાણેના દરેક સેવાઓ પૂરી પાડવા સંમત થયેલ હોય આગામી સમયમાં નવા પ્રોજેક્ટ્સ, યોજનાઓ વિગેરેના અમલીકરણ માટે Delloitte Touch Tohmatsu India LLP ની તમામ સેવાઓ માટે તેઓની એક્સપર્ટ પ્રોફેશનલ ટીમને રોકવા અંગે જરૂરી મંજુરી સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગ

| | |
|---|---|
| ૫ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ શહેરી વિકાસ અને શહેરી ગહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્ર.UDUHD/ELC/e-file/18/2023/0370/DH તા.૨૩/૦૭/૨૦૨૬ ના પત્રમાં જણાવ્યા મુજબ સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહાનગરપાલિકાઓને, નગરપાલિકાઓને તથા શહેરી વિકાસ સત્તા મંડળોને આંતરમાળખાકીય સુવિધાઓ અને યોજનાના અન્ય ઘટકો તથા યોજનાના સદર હેઠળ જોગવાઈઓને ધ્યાને રાખી ઘટક વાર ફાળવણી કરેલ છે, તથા તે અંગે કરવાના થતાં કામોનું આયોજન કરવા ઠરાવવામાં આવેલ છે. જેમાં કરમસદ આણંદ મહાનગરપાલિકાને આઉટ ગ્રૌથના કામો માટે રૂ.૧૯.૦૦ કરોડ ફાળવી આપેલ જેમાં સામાન્ય સભા ઠરાવ નં.૨૭૭ તા.૧૩/૦૩/૨૦૨૬ થી ઠરાવ્યા મુજબ વર્ષ-૨૦૨૫-૨૬ માં કરેલ ડબલ આયોજનમાં બાકી રહેલ કામોને સરકારશ્રી દ્વારા આગામી નાણાકીય વર્ષ-૨૦૨૬-૨૭ અંતર્ગત ફાળવવામાં આવનાર વિવિધ ગ્રાન્ટમાં સ્વીચઓવર ગણવા મંજૂર કરવામાં આવેલ તે મુજબ સરકારશ્રી દ્વારા નાણાકીય વર્ષ-૨૦૨૫-૨૬ અંતર્ગત ૧૭.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવી આપેલ હતી. જેમાં ડબલ આયોજન સાથે અનુક્રમે રૂ.૧૭.૦૦ કરોડ અને રૂ.૧૪.૨૫ કરોડ મળી કુલ રૂ.૩૧.૨૫ કરોડના કુલ-૧૩ કામોની સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. જેમાંથી ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં થઈ શકે તેવા રૂ|.૧૭.૦૦ કરોડના કુલ-૦૩ કામો પૂર્ણ થઈ ગયેલ છે અને ૦૭ કામો પ્રગતિ હેઠળ છે તથા બાકી રહેલ ૦૩ કામો પૈકી રૂ|.૧૩.૧૦ કરોડના વર્કઓર્ડર આપેલ જે કામો હાલ પ્રગતિ હેઠળ છે. તથા ગ્રાન્ટ ફાળવણીના પત્રની શરત મુજબ મહાનગરપાલિકા દ્વારા ફાળવણીની રકમ સામે ૧૦૦% મૂળ + ૫૦% વધારાનું આમ કુલ ૧૫૦% આયોજન કરી શકશે તેમ જણાવેલ છે. જે મુજબ અત્રેથી ફાળવેલ રકમ રૂ|.૧૯.૦૦ કરોડની સામે ૧૫૦% આયોજન મુજબ વધુમાં વધુ રૂ|.૨૮.૫૦ કરોડનું આયોજન કરી શકાય તેમ છે. જેને ધ્યાને રાખી અગાઉ ડબલ આયોજન અંતર્ગત બાકી રહેલ ૦૩ કામોના રૂ|.૧૩.૧૦ કરોડ સાથે બાકી રહેલ રકમ રૂ.૧૫.૪૦ કરોડના નવીન કામોનું જરૂરી આયોજન કરવા નિર્ણય થવા સારૂ તથા ફાળવેલ ગ્રાન્ટ બાબતે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

| | |
|---|---|
| ૬ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્ર.UDUHD/ELC/e-file/18/2023/0370/DH તા.૨૩/૦૭/૨૦૨૬ ના પત્રમાં જણાવ્યા મુજબ સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહાનગરપાલિકાઓને, નગરપાલિકાઓને તથા શહેરી વિકાસ સત્તા મંડળોને આંતરમાળખાકીય સુવિધાઓ અને યોજનાના અન્ય ઘટકો તથા યોજનાના સદર હેઠળ જોગવાઈઓને ધ્યાને રાખી ઘટક વાર ફાળવણી કરેલ છે, તથા તે અંગે કરવાના થતાં કામોનું આયોજન કરવા ઠરાવવામાં આવેલ છે જેમાં કરમસદ આણંદ મહાનગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી સડકના કામો માટે રૂ.૧૫.૦૦ કરોડ ફાળવી આપેલ જેમાં સામાન્ય સભા ઠરાવ નં.૨૭૭ તા.૧૩/૦૩/૨૦૨૬ થી ઠરાવ્યા મુજબ વર્ષ-૨૦૨૫-૨૬ માં કરેલ ડબલ આયોજનમાં બાકી રહેલ કામોને સરકારશ્રી દ્વારા આગામી નાણાકીય વર્ષ-૨૦૨૬-૨૭ અંતર્ગત ફાળવવામાં આવનાર વિવિધ ગ્રાન્ટમાં સ્વીચ ઓવર ગણવા મંજૂર કરવામાં આવેલ છે સરકારશ્રી દ્વારા નાણાકીય વર્ષ-૨૦૨૫-૨૬ અંતર્ગત ૧૩.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવી આપેલ હતી. જેમાં ડબલ આયોજન સાથે અનુક્રમે રૂ.૧૩.૦૦ કરોડ અને રૂ.૧૩.૦૨ તથા રૂ.૩.૦૧ કરોડ મળી કુલ રૂ.૨૯.૦૩ કરોડના કુલ-૧૬ કામોની સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. જેમાંથી ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રૂ|.૧૩.૦૦ કરોડના કુલ-૦૩ કામો પૂર્ણ થઈ ગયેલ છે તથા બાકી રહેલ ૧૩ કામો પૈકી રૂ.૧૬.૦૩ કરોડના કુલ-૧૩ કામોના વર્કઓર્ડર આપેલ જે કામો હાલ પ્રગતિ હેઠળ છે તથા ગ્રાન્ટ ફાળવણીના પત્રની શરત મુજબ મહાનગરપાલિકા દ્વારા ફાળવણીની રકમ સામે ૧૦૦% મૂળ + ૫૦% વધારાનું આમ કુલ ૧૫૦% આયોજન કરી શકશે તેમ જણાવેલ છે. જે મુજબ અત્રેથી ફાળવેલ રકમ રૂ|.૧૫.૦૦ કરોડની સામે ૧૫૦% આયોજન મુજબ વધુમાં વધુ રૂ|.૨૨.૫૦ કરોડનું આયોજન કરી શકાય તેમ છે. જેને ધ્યાને રાખી અગાઉ ડબલ આયોજન અંતર્ગત બાકી રહેલ ૧૩ કામોના રૂ|.૧૬.૦૩ કરોડ સાથે બાકી રહેલ રકમ રૂ|.૬.૪૭ કરોડના નવીન કામોનું જરૂરી આયોજન કરવા નિર્ણય થવા સારૂ તથા ફાળવેલ ગ્રાન્ટ બાબતે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૭ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્ર.UDUHD/ELC/e-file/18/2023/0370/DH તા.૨૩/૦૭/૨૦૨૬ ના પત્રમાં જણાવ્યા મુજબ સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ-૨૦૨૬-૨૭ માટે મહાનગરપાલિકાઓને, નગરપાલિકાઓને તથા શહેરી વિકાસ સત્તા મંડળોને આંતરમાળખાકીય સુવિધાઓ અને યોજનાના અન્ય ઘટકો તથા યોજનાના સદર હેઠળ જોગવાઈઓને ધ્યાને રાખી ઘટક વાર ફાળવણી કરેલ છે, તથા તે અંગે કરવાના થતાં કામોનું આયોજન કરવા ઠરાવવામાં આવેલ જેમાં કરમસદ આણંદ મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધાના કામો માટે રૂ.૮૦.૦૦ કરોડ ફાળવી આપેલ જેમાં સામાન્ય સભા ઠરાવ નં.૨૭૭ તા.૧૩/૦૩/૨૦૨૬ થી ઠરાવ્યા મુજબ વર્ષ-૨૦૨૫-૨૬ માં કરેલ ડબલ આયોજનમાં બાકી રહેલ કામોને સરકારશ્રી દ્વારા આગામી નાણાકીય વર્ષ-૨૦૨૬-૨૭ અંતર્ગત ફાળવવામાં આવનાર વિવિધ ગ્રાન્ટમાં સ્વીચઓવર ગણવા મંજૂર કરવામાં આવેલ છે જે મુજબ સરકારશ્રી દ્વારા નાણાકીય વર્ષ-૨૦૨૫-૨૬ અંતર્ગત ૭૦.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવી આપેલ હતી. જેમાં ડબલ આયોજન સાથે અનુક્રમે રૂ.૯૭.૫૦ કરોડ તથા રૂ.૩૧.૬૦ કરોડ મળી કુલ રૂ.૧૨૯.૧૦ કરોડના કુલ-૩૯ કામોની સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. જેમાંથી ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રૂ|.૭૨.૦૦ કરોડના કુલ-૧૮ કામો પૂર્ણ થઈ ગયેલ છે તથા બાકી રહેલ ૨૧ કામો પૈકી રૂ|.૨૩.૬૦ કરોડના કુલ-૧૨ કામોના વર્કઓર્ડર આપેલ જે કામો હાલ |

| | |
|---|---|
| | પ્રગતિ હેઠળ છે તથા બાકી રહેલ રૂ.૩૩.૫૦ કરોડના કુલ ૯ કામોના DPR/સર્વે હેઠળ છે. જે કામો શરૂ થયેલ નથી. તથા વર્ષ-૨૦૨૫-૨૬ માં કરેલ ડબલ આયોજનમાં બાકી રહેલ કામોને સરકારશ્રી દ્વારા આગામી નાણાકીય વર્ષ-૨૦૨૬-૨૭ અંતર્ગત ફાળવવામાં આવનાર વિવિધ ગ્રાન્ટમાં સ્વીચ ઓવર ગણવા મંજૂર કરવામાં આવેલ હોઈ તથા ગ્રાન્ટ ફાળવણીના પત્રની શરત મુજબ મહાનગરપાલિકા દ્વારા ફાળવણીની રકમ સામે ૧૦૦% મૂળ + ૫૦% વધારાનું આમ કુલ ૧૫૦% આયોજન કરી શકશે તેમ જણાવેલ છે. જે મુજબ અત્રેથી ફાળવેલ રકમ રૂ।.૮૦.૦૦ કરોડની સામે ૧૫૦% આયોજન મુજબ વધુમાં વધુ રૂ।.૧૨૦.૦૦ કરોડનું આયોજન કરી શકાય તેમ છે. જેને ધ્યાને રાખી અગાઉ ડબલ આયોજન અંતર્ગત બાકી રહેલ ૨૧ કામોના રૂ।.૫૭.૧૦ કરોડ સાથે બાકી રહેલ રકમ રૂ।.૬૨.૯૦ કરોડના નવીન કામોનું જરૂરી આયોજન કરવા નિર્ણય થવા સારૂ તથા ફાળવેલ ગ્રાન્ટ બાબતે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૮ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રીપોર્ટ મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્ર.UDUHD/ELC/e-file/18/2023/0370/DH તા.૨૩/૦૭/૨૦૨૬ ના પત્રમાં જણાવ્યા મુજબ સરકારશ્રી દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહાનગરપાલિકાઓને, નગરપાલિકાઓને તથા શહેરી વિકાસ સત્તા મંડળોને આંતરમાળખાકીય સુવિધાઓ અને યોજનાના અન્ય ઘટકો તથા યોજનાના સદર હેઠળ જોગવાઈઓને ધ્યાને રાખી ઘટક વાર ફાળવણી કરેલ છે, તથા તે અંગે કરવાના થતાં કામોનું આયોજન કરવા ઠરાવવામાં આવેલ છે. જેમાં રાજ્યની નવરચિત મહાનગરપાલિકાઓ અને 'અ' વર્ગની નગરપાલિકાઓને આઈકોનીક રોડના નિર્માણ માટે વર્ષ-૨૦૨૬-૨૭ માં રૂ.૨૨૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે જે અંગે સંબધિત મહાનગરપાલિકાઓ ધ્વારા સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની રહેશે તેમજ આઈકોનીક રોડના કામો માટે નોડલ એજન્સી તરીકે GMFB, ગાંધીનગર રહેશે. જે માટે આઈકોનીક રોડ ઘટક હેઠળ નવીન કામોનું જરૂરી આયોજન કરવા નિર્ણય થવા સારૂ તથા ફાળવેલ ગ્રાન્ટ બાબતે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૯ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રિપોર્ટ મુજબ શિવમપાર્કના રહીશોની તા.૨૦/૦૭/૨૦૨૬ ની અરજીમાં જણાવ્યા મુજબ તેઓની સોસાયટીની નજીકમાં આવેલ સરદારગંજમાં આવતા ટ્રક તથા ભારે વાહનો તેઓની સોસાયટી પાસેથી પસાર થતાં હોઈ સદર સોસાયટીના બાળકો,પરિવારના સભ્યો તથા રાહદારીઓને અકસ્માત થવાનો ભય રહેતો હોઈ સોસાયટી પાસેના મેઇન રોડ ઉપર ભારે વાહનો પ્રવેશી ન શકે તે હેતુ ગેન્ટ્રી (ભારે વાહન પ્રવેશ નિષેધ) ગેટ ઊભો કરી આપવા અત્રેની કચેરીના બાંધકામ શાખાના ઇજનેર ધ્વારા સ્થળ તપાસ કરતાં સદર ટી.પી.સ્કીમ નં.૨ માં ફા.પ્લોટ નં.૪૬૪-૪૮૬ તથા ૪૭૫-૪૭૬ વચ્ચે આવેલ ૧૨.૧૯ મી.પહોળા રોડમાં સદર ગેન્ટ્રી ગેટ (ફેબ્રિકેટેડ) ઊભો કરવાનો થતો હોઈ સદર રોડ ઉપર હાઈટ બેરિયર(ગેન્ટ્રી ગેટ) ફીટીંગ કરવા સક્ષમ કક્ષાએથી મંજૂરી મેળવી આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

| | |
|---|---|
| ૧૦ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રિપોર્ટ મુજબ સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાતના દ.હુ.નં.SBM/૦૦૭૯/૦૬/૨૦૨૫ તા.૨૫/૦૬/૨૦૨૫ મહાનગરપાલિકાઓને વ્યકિતગત શૌચાલય, કૉમ્યુનિટી ટોઇલેટ, પબ્લિક ટોઇલેટ, એસ્પીરેશનલ પબ્લિક/કૉમ્યુનિટી ટોઇલેટ અને યુરીનલની બાંધકામની કામગીરી માટે ઘટકની તાંત્રિક તથા વહીવટી મંજૂરી મેળવી (n)procure પોર્ટલ પર તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ ટેન્ડર પ્રસિદ્ધ કરતાં ટેન્ડર પ્રક્રિયામાં આવેલ ૦૩ બિડર પૈકી ૦૧ બિડર ક્વોલિફાયડ થયેલ હોઈ ટેન્ડર રદ્દ કરી ઉપરોક્ત કામગીરી માટે ફરીથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરતા અગાઉના અંદાજપત્રમાં લેવામાં આવેલ પ્રિ-ફેબ્રિકેટેડ FRP કૉમ્યુનિટી અને પબ્લિક ટોઇલેટ બનાવવાના ટેન્ડરનો તાંત્રિક રીતે અભ્યાસ કરતાં ટેન્ડરમાં અમુક ટેકનિકલ આઇટમો તથા ટોઇલેટ માટે જરૂરી ડ્રેનેજ અને પાણીની વ્યવસ્થા માટે કોઈપણ આઇટમોનો સમાવેશ કરવામાં આવેલ ન હોય ભવિષ્યમાં સદર ટોઇલેટ બ્લોક ચાલુ કરવા અર્થે ઘણી સમસ્યાઓ ઉદભવી શકે તેમ જણાઈ આવે છે. જેથી હાલ જૂના ટેન્ડર મુજબ કામગીરી કરાવવી તાંત્રિક રીતે હિતાવહ નથી. જેથી ઉપરોક્ત પ્રિ-ફેબ્રિકેટેડ FRP કૉમ્યુનિટી અને પબ્લિક ટોઇલેટનું નવીન ટેન્ડરમાં અગાઉ સમાવેશ ન કરેલ તમામ આઇટમો સાથે રિવાઇઝડ અંદાજપત્ર બનાવી નવેસરથી તાંત્રિક તથા વહીવટી મંજૂરી મેળવી ટેન્ડર પ્રક્રિયા કરવા નક્કી કરવામાં આવેલ જે ગ્રાન્ટના એનેક્ષર પત્રક ૨ અને ૩ માં જણાવ્યા મુજબ કુલ ૨૦ બ્લોક સાથે ૨૦૦ શીટના કૉમ્યુનિટી અને પબ્લિક ટોઇલેટ બનાવવા માટે રૂ.૩,૦૦,૦૦,૦૦૦/- ફાળવી આપેલ હોઈ પ્રિ-ફેબ્રિકેટેડ FRP કૉમ્યુનિટી અને પબ્લિક ટોઇલેટ બનાવવા માટે માર્કેટ કોટેશન મુજબ જરૂરી તમામ સિવિલ, ઇલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ તથા ડ્રેનેજ આઇટમો સાથે અંદાજપત્ર બનાવતા ૧૦ શીટના ૧ બ્લોક માટે રૂ।.૧૬,૦૨,૦૦૦/- પુરા મુજબ ૨૦૦ શીટના ૨૦ બ્લોક માટે રૂ।.૩,૨૦,૪૦,૦૦૦/- પુરા થાય તેમ છે જેની જરૂરી મંજુરી સારૂ તથા ઉપરોક્ત કામગીરી માટે રિવાઇઝ DPR માટે જરૂરી મંજૂરી સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૧૧ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રિપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં ટીપી-૧૦ એફપી-૨૫૪ માં નિર્માણ થયેલ સ્વિમિંગપૂલ બનાવવાની કામગીરી તત્કાલિન આણંદ નગરપાલિકા દ્વારા રૂ।.૫,૮૬,૮૦,૧૧૧/- ના ખર્ચે સને.૨૦૨૪-૨૫ માં મંજૂર કરવામાં આવેલ સદર સ્વિમિંગ પૂલની ફાયર NOC તથા સ્વિમિંગ પૂલના ગટર લાઇન નાખવાની કામગીરી આગામી સમયમાં પૂર્ણ કરી સ્વિમિંગ પૂલ સપૂર્ણપણે કાર્યરત કરી શકાય તેમ છે. જે માટે મહાનગરપાલિકા સંચાલિત નવીન સ્વિમિંગ પૂલ કાર્યરત કરવા તથા તેની યોગ્ય જાળવણી કરવા હેતુ સ્વિમિંગ પૂલ માટે ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની કામગીરી માટે તેમજ સ્વિમિંગ પૂલનું યોગ્ય સંચાલન માટે જરૂરી શરતો આધીન વિગતવાર ઓનલાઇન ટેન્ડર કરવા માટે DTP (Detail Tender Papers) બનાવેલ જેની જરૂરી મંજૂરી સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૧૨ | સિવિલ ઈજનેરી અને સીટી બ્યુટીફીકેશન વિભાગના રિપોર્ટ કે, કરમસદ આણંદ મહાનગરપાલિકા હસ્તકના વિવિધ કૉમ્યુનિટી હૉલમાં સ્થાનિક કોર્પોરેટર તેમજ પ્રસંગો રાખનાર તરફથી આવતી રજૂઆતમાં જરૂરી સાફ સફાઈ, લાઇટિંગ અને વીજળીના પ્રશ્નો, પ્લમ્બિંગ અને પાણી સુવિધાની કામગીરીને યોગ્ય જાળવણી થતી ન હોઈ તેમજ હાલમાં મેન્ટેનન્સની કામગીરી સલગ્ન વિભાગ દ્વારા અલગ અલગ રીતે કરવામાં આવે છે જે અંગે તમામ કૉમ્યુનિટી હૉલમાં યોગ્ય જાળવણી થાય તે હેતુથી ખાનગી એજન્સી દ્વારા ઓપરેશન એન્ડ મેન્ટેનન્સની કામગીરી કરાવવા માટે જરૂરી શરતો નક્કી કરી વિગતવાર DTP (Detail Tender Papers) માટે જરૂરી મંજૂરી સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

| | |
|---|---|
| ૧૩ | કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં ગણેશ મહોત્સવ-૨૦૨૬ નિમિતે સરકારશ્રીની સુચના મુજબ શ્રી ગણેશજી ભગવાનની પ્રતિમાઓનુ વિસર્જન કરવા માટે કરમસદ શહેરના વિવાહ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ મહાનગરપાલિકા હસ્તકના પ્લોટમાં કૃત્રિમ તળાવ બનાવવાનુ આયોજન કરવામાં આવેલ છે. જે અંગે પબ્લિક વર્કસ વિભાગમાં જેસીબી, ટ્રેક્ટરના ફેરાના મંજુર થયેલ ભાવથી ખોદાણ કામગીરી કરાવવા અંદાજીત ખર્ચ રૂા.૭,૮૩,૦૦૦/- પુરા તથા કૃત્રિમ તળાવ પર ૧૪૦ ફૂટ x ૧૪૦ ફૂટ (૧૯૬૦૦ ચો.ફૂટ) ની ૩૦૦ GSM ક્ષમતાની પ્લાસ્ટીક (તાળપત્રી) પાથરવાની જરૂરીયાત હોઇ સ્થાનિક બજારમાંથી ભાવ મંગવાતા ૧ ચો.ફૂટના રૂા.૨૪.૫૦ ભાવ લેખે ૧૯૬૦૦ ચો.ફૂટના અંદાજે રૂા.૪,૮૦,૨૦૦/-પુરા (જીએસટી સહિત) મળી કૃત્રિમ તળાવ બનાવવાના કુલ અંદાજીત ખર્ચ રૂા.૧૨,૬૩,૨૦૦/- પુરાને મંજુર કરવા તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

## ગાર્ડન, લેન્ડસ્કેપ, ગ્રીન સ્પેસ ડેવલપમેન્ટ અને રમતગમત વિભાગ

| | |
|---|---|
| ૧૪ | ગાર્ડન, લેન્ડસ્કેપ, ગ્રીન સ્પેસ ડેવલપમેન્ટ અને રમતગમત વિભાગ ના રિપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આગામી સમયમાં ગણેશ મહોત્સવની ઉજવણી થનાર હોય. તે દરમિયાન ગણેશજીની પ્રતિમાની સ્થાપના, વિસર્જન તેમજ શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય જે અંગે પ્રસંગોમાં જાહેર માર્ગો, મુખ્ય રસ્તાઓ તથા શોભાયાત્રાના રૂટ પર વૃક્ષોની ડાળીઓના કારણે અવરજવરને અડચણ ન પડે તે માટે જરૂરી સ્થળોએ વૃક્ષોની ડાળીઓનું ટ્રીમીંગ તથા જોખમી/અડચણરૂપ વૃક્ષોનું કટીંગ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોય જે માટે ગણેશ મહોત્સવને ધ્યાને લઈ જાહેર સલામતી અને સુચારુ જળવાઈ રહે તે હેતુસર જરૂરી સ્થળોએ વૃક્ષોના ટ્રીમીંગ તથા કટીંગની કામગીરી અંદાજીત રૂ.૧૫.૦૦ લાખની મર્યાદામાં કરવા જરૂરી મંજુરી સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૧૫ | ગાર્ડન, લેન્ડસ્કેપ, ગ્રીન સ્પેસ ડેવલપમેન્ટ અને રમતગમત વિભાગના રિપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકા હસ્તકના બાગોની નિભાવણી માટે અને હાલ ચાલી રહેલા સરકારશ્રી અર્બન ગ્રીનની ઉજવણીના ભાગરૂપે નવીન પ્લાન્ટેશન તથા બ્યુટીફિકેશનની કામગીરી, મેન રસ્તાઓ ઉપરના ડીવાઇડર પર પ્લાન્ટેશનની કામગીરી તથા રોડ સાઇડોમાં લેન્ડસ્કેપની કામગીરી કરવા L1 ભાવ મુજબ કામગીરી કરાવવા એમપેનલ અંગેની ભલામણ મંજૂર કરવામાં આવેલ છે જે અન્વયે બાગ-બગીચા અપગ્રેડ કરવા તેમજ પાંચ નવા બાગીચા બનાવવા ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ ના ફાળવેલ બજેટના એકાઉન્ટ કોડ નં.૪૧૧૪૦૧ રૂ.૧૦૦૦.૦૦ લાખ જોગવાઈ કરેલ હોય સદર બાગોમાં જરૂરિયાત મુજબ રૂ।.૫૦.૦૦ લાખની મર્યાદામાં કામગીરી કરાવવા જરૂરી મંજુરી સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

**સેનિટેશન વિભાગ**

| | |
|---|---|
| ૧૬ | સેનિટેશન વિભાગના રિપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ લાંભવેલ, ગામડી, જીટોડીયા તેમજ મોગરી વિસ્તારમાં સાફ સફાઈ વિગેરે કામગીરી માટે અલગથી ટ્રેક્ટર પાવડો ન હોય સમયસર ઉપરોક્ત વિસ્તારોમાં સાફ-સફાઈની વિગેરે કામગીરી થઈ શકતી ન હોય અને ગંદકી તેમજ આરોગ્ય લક્ષી પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ હોય જે અંગે ઉપરોક્ત વિસ્તાર માટે અલગથી નવા ૨(બે) ટ્રેક્ટર પાવડો(ટ્રેકટર ફ્રન્ટ ડોજર) ખરીદ કરવા જરૂરી મંજુરી સારૂ તથા તેનો અંદાજીત ખર્ચ રૂ.૩૦,૦૦,૦૦૦/- પુરાને મંજુરી સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |
| ૧૭ | સેનિટેશન વિભાગના રિપોર્ટ મુજબ સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાતના ગુજરાત મ્યુનિસીપલ ફાઇનાન્સ બોર્ડના પત્ર.નં.SBM/0041/08/2026,તા.09/08/2026 ના કાર્યાલય આદેશથી જણાવ્યા મુજબ સરકાર સ્વચ્છતાની કામગીરી સાથે સૌથી નજીકથી જોડાયેલ સફાઈ કર્મચારીઓના ઉત્થાન તેમજ વિકાસ પ્રત્યે પણ ધ્યાન આપવા વર્ષ ૨૦૨૪-૨૫માં સરકારશ્રી દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં કાર્યરત સફાઇ કર્મચારીઓ પૈકી શ્રેષ્ઠ કર્મચારીઓની પસંદગી કરીને તેઓને માસિક ધોરણે એવોર્ડ આપવા જેથી તેઓની કામગીરી માટે પ્રોત્સાહન મળી રહે તેમજ તમામ સફાઈ કર્મચારીઓની કામગીરીમાં સ્પર્ધાત્મકતા ઉભી થાય તે અંગે શ્રેષ્ઠ સફાઈ કર્મચારીઓને નાણાકીય પ્રોત્સાહન રૂપે વોર્ડ દીઠ એક શ્રેષ્ઠ સફાઈ કર્મચારીને માસિક રૂ.૧૦,૦૦૦/-પુરાની સહાય આપવા તેમજ નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા શ્રેષ્ઠ સફાઈ કર્મચારીની પસંદગી કરવા માટે માપદંડો નક્કી કરવામાં આવેલ છે. જે અંગે રાજ્ય સરકારશ્રી દ્વારા ચોથા હપ્તા પેટે એપ્રિલ-૨૦૨૬ થી માર્ચ-૨૦૨૭ સુધીની રૂા.૧,૨૦,૦૦૦/-પુરાની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ તેમજ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તત્કાલીન ત્રણ નગરપાલિકા સમયના રૂ.૧,૮૦,૦૦૦/-પુરા કુલ મળી રૂ.૩,૦૦,૦૦૦/- પુરાની ગ્રાન્ટમાંથી શ્રેષ્ઠ સફાઈ કર્મચારીઓને પરિપત્રમાં દર્શાવ્યા મુજબના માપદંડોને અનુસરીને શ્રેષ્ઠ સફાઈ કર્મચારીઓને પસંદ કરી નાણાકીય પ્રોત્સાહન રૂપે વોર્ડ દીઠ એક શ્રેષ્ઠ સફાઈ કર્મચારીને માસિક રૂ.૧૦,૦૦૦/-પુરાની સહાય આપવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

**ટાઉન પ્લાનીંગ અને એસ્ટેટ વિભાગ**

| | |
|---|---|
| ૧૮ | ટાઉન પ્લાનીંગ અને એસ્ટેટ વિભાગના રિપોર્ટ મુજબ ચીફ ઓડિટરશ્રી સી.એમ.ડી નવ નિર્માણ ન્યૂઝ આણંદના તા.૨૯/૦૮/૨૦૨૬ રોજ આવેલ પત્ર મુજબ દર વર્ષની જેમ ચાલુ વર્ષે આવનાર ગણેશ મહોત્સવ પર્વની ઉજવણીના ભાગરૂપે શહેરમાં વિવિધ મંડળો ધ્વારા વિવિધ સ્થળોએ ગણેશ સ્થાપના કરી પુજા અર્ચના કરી દસ દિવસ પછી ગણેશજીની પ્રતિમાઓનું આસ્થા પૂર્વક વિસર્જન થાય છે જે અંગે કુદરતી સ્ત્રોતનો નુકસાન ન પહોંચે અને તમામ પ્રતિમાઓનું વિસર્જન કૃત્રિમ તળાવમાં જ કરવામાં આવે તેવો સંદેશ ફેલાવવા પ્રત્યે લોકોમાં જનજાગૃતિ માટે મહોત્સ્વ આધારિત શ્રેષ્ઠ મુર્તિ, ઇકો ફ્રેન્ડલી ગણેશ તેમજ ડેકોરેશનની કોમ્પિટિશન યોજી જનજાગૃતિનો કાર્યક્રમ સી.એમ.ડી નવ નિર્માણ ન્યૂઝ આણંદના સ્વખર્ચે કરવાના હોય ચીફ ઓડિટરશ્રીની આવેલ રજૂઆત મુજબ રાજ્ય સરકારનો "ઇકો ફ્રેન્ડલી મહોત્સવ" નો સંદેશ જન જન સુધી પહોંચાડવા અર્થે કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં હોડીંગ નં.-૮ વિનામુલ્યે લગાવવા જરૂરી નિર્ણય થવા સારૂ. |

## **ઇલેક્ટ્રિક અને સ્ટ્રીટલાઇટ વિભાગ**

| | |
|---|---|
| ૧૯ | ઇલેક્ટ્રીક અને સ્ટ્રીટલાઇટ વિભાગના રિપોર્ટ મુજબ કરમસદ આણંદ મહાનગરપાલિકાના દિવાબત્તી વિભાગમાં ઇલેક્ટ્રિક સામાન ખરીદી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.જેથી કરીને દિવાબત્તી વિભાગમાં આવતી ફરિયાદો/રજુઆતોનું વેહલી તકે નિવારણ લાવી શકાય તે હેતુસર સરકારશ્રીના પ્રવતમાન ધારા-ધોરણ મુજબ GEM પોર્ટલ પરથી ખરીદી કરવાની થતી હોઈ, તો આ સાથે સામેલ લિસ્ટ મુજબ અંદાજીત કિંમત રૂ.૨૨.૦૦ લાખ પુરાની મર્યાદામાં GEM પોર્ટલ ઉપરથી ખરીદ કરવા જરૂરી નિર્ણય થવા સારૂ તેમજ આગળની જરૂરી કાર્યવાહી કરવા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવા સારૂ. |

નોંધ : ઉપરના કામ સિવાયના અધ્યક્ષ સ્થાનેથી બીજા જે કોઈ કામ રજુ કરવામાં આવે તે.

તા.૧૪/૦૯/૨૦૨૬

આદેશથી,

કલ્પેશ પરમાર
ઈ.ચા.મ્યુનિ. સેક્રેટરી
કરમસદ આણંદ મહાનગરપાલિકા